# ૮.સંશોધનના તારણો અને નિરીક્ષણો

૮.૧ સુરેશ જોષીનું કૃતિવિવેચન

૮.૨ ચન્દ્રકાન્ત ટોપીવાળાનું વિવેચન

૮.૩ સુમન શાહનું કૃતિ વિવેચન

૮.૪ રાધેશ્યામ શર્માનું કૃતિવિવેચન

૮.૫ વિજયશાસ્ત્રીનું કૃતિવિવેચન

# ૮.સંશોધનના તારણો અને નિરીક્ષણો

સમગ્ર શોધ નિબંધનાં અંતે તારણો અને નિરીક્ષણોનું મહત્ત્વ અધિકતમ હોય છે. અત્રે સંશોધનના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ પાંચેય વિવેચકોનું એમણે કરેલ કૃતિલક્ષી વિવેચન કાર્યને ધ્યાનમાં રાખીને તેમજ કૃતિલક્ષી વિવેચનમાં એમણે અપનાવેલ અભિગમો વિષયક ચર્ચા કરી અભ્યાસમૂલક તારણો અને નિરીક્ષણો આ પ્રકરણમાં રજૂ કરવાનો ઉપક્રમ છે.

## ૮.૧ સુરેશ જોષીનું કૃતિવિવેચનઃ

ગુજરાતી ભાષામાં જે સર્જકો અને વિવેચકોએ પોતાની સાહિત્યિક કારકિર્દીનો આરંભ કર્યો છે તે સર્વેએ સુરેશ જોષીએ આણેલી આધુનિકતાની આબોહવામાં ઊંડા શ્વાસ ભર્યા છે. તેમના પુરોગામીઓ, સમકાલીનો અને અનુગામીઓ સાથે તેમનો સંવાદ-વિવાદ ચાલ્યા કર્યો છે.

આમ તો જ્યારે એમનું આગમન ગુજરાતી સાહિત્ય જગતમાં થયું ત્યારે આધુનિકતાના કેટલાંક મહત્ત્વના લક્ષણો પ્રગટી ચૂક્યા હતાં. ગુજરાતી સર્જકે પોતાની રચનાઓને મૂલવવા માટે વિશ્વ સાહિત્યના ધોરણોને નજર સમક્ષ રાખવા જોઇએ એ વાત તત્કાલીનોના ગમા-અણગમાની પરવા કર્યા વગર કહેનારા સુરેશ જોશીએ માત્ર ગુજરાતી કૃતિઓનું જ નહી પરંતુ વિશ્વ સાહિત્યની કૃતિઓનું પણ તટસ્થભાવે વિવેચન કર્યું છે.

- સુરેશ જોશીએ શાસ્ત્રીય પ તિની પરિભાષાપરક વિવેચન પરિપાટીની સામે આસ્વાદમૂલક ‘રસવિવેચન’ની જે જેહાદ જગાવી એમાં પોતે નિષ્ક્રિય રહ્યા અને ચોક્કસ પ્રકારનું કૃતિનિષ્ઠ વિવેચન અલ્પ પ્રમાણમાં કર્યું છે. એમણે કરેલી સિ ાંત

ચર્ચાના તત્ત્વો જે તે કૃતિમાં દૃષ્ટિગોચર થતાં હોય તો તેને અનુલક્ષીને ઠોસ રસવિવેચન કરાવવાની સક્રિયતા એમણે ઓછી દાખવી છે.

- નવલકથામાં ઘટનાતત્ત્વના વિલીનીકરણનો આગ્રહ એમને કથાશ્રિત કૃતિઓના આત્યંતિક અણગમા તરફ દોરી જાય છે. 'સરસ્વતીચંદ્ર' અને 'ઝેર તો પીધા છે જાણી જાણી'નું ભાવનાવાદી વલણો કલાકૃતિને ઢાંકી દે છે એવાં મંતવ્યો સાથે વિવેચન કરેલ છે.
- પાશ્ચાત્ય કૃતિઓના વિવેચનમાં એમણે કૃતિનું સંવિધાનલક્ષી કલાપરક દૃષ્ટિકોણથી મૂલ્યાંકન કરવાનું વલણ રાખ્યું છે. ખાસ તો દોસ્તોયવ્સ્કીની નવલકથાની વિવેચના 'ક્રાઈમ એન્ડ પનિશમેન્ટની અર્વાચીનતા' શીર્ષક હેઠળ કરી કૃતિમાં 'અર્વાચીનતા' સ્ફૂટ કરવાનો સ્તૂત્ય પ્રયાસ કર્યો છે.
- 'ગુજરાતી કવિતાનો આસ્વાદ' શીર્ષક હેઠળ 'વિશ્વમાનવ'માં સુરેશ જોષી આસ્વાદ શ્રેણી આપીને વ્યવહારની ભાષામાંથી કવિ કેવાં નવાં સંકેતો પ્રગટાવી શકે છે તેમજ વિવેચક, ભાવક અને કવિ વચ્ચે મધ્યસ્થીનું કાર્ય કરીને અનોખું સેતુ રચી આપીને એક નવાં જ ભાવ વિશ્વમાં વિહાર કરાવી શકે છે. તેનું સુંદર અને સ્વસ્થ ઉદાહરણ પૂરું પાડયું છે. વળી, આ રચનાઓને 'ગુજરાતી કવિતાનો આસ્વાદ' શીર્ષક હેઠળ ગ્રંથ કરી જે ક્રમમાં એમણે ગોઠવી છે એ દ્વારા ગુજરાતી કવિતાની એક આગવી વિકાસયાત્રાનો પણ પરિચય થાય છે.
- એકંદરે કળા, સાહિત્ય, જીવનમૂલ્યો, માનવીની આંતરિક ચેતના, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય, નૈતિક વગેરે પરિપ્રેક્ષ્ય રૂપવાદી, પ્રતીકવાદી, મનોવિશ્લેષણવાદી અભિગમો સુરેશ જોશીની વિવેચનાના મુખ્ય ઘટકરૂપ બની રહે છે.

## ૮.૨ ચન્દ્રકાન્ત ટોપીવાળાનું વિવેચનઃ

ચન્દ્રકાન્ત ટોપીવાળાએ સિ ાંતોની પુષ્ટિ માટે કૃતિલક્ષી વિવેચનના ક્ષેત્રને બહોળા પ્રમાણમાં ખેડયું છે. એમણે રશિયન સ્વરૂપવાદ, સંરચનાવાદ, સંસર્જનાત્મક વ્યાકરણ, ભાવકલક્ષી અભિગમ વગેરેને કૃતિ વિવેચનના ઓજાર તરીકે પ્રયોજ્યા છે. પરંતુ એ પણ નોંધવું રહ્યું કે, 'ગ્રં[redacted]

પરિચયાત્મક અવલોકનો જ આપ્યા છે. જ્યારે 'રચનાવલી'ના વિવેચન લેખો મોટાભાગે પરિચયલેખો પ્રકારના જ રહ્યા છે.

- ચન્દ્રકાન્ત ટોપીવાળાએ કાવ્યકૃતિઓનું વિવેચન કૃતિલક્ષી ધોરણે કરીને કાવ્યોને એના ઘટકતત્ત્વો સંદર્ભે તપાસ્યા છે. કાવ્યમાં પ્રયુક્ત લય, ભાષા, ઢબ, સાહચર્યો, સંવદેન, સંવિધાન, છંદ-અછંદ જેવાં અંતરંગ ઘટકતત્ત્વોની ઉપયુક્તતા દર્શાવી છે.
- કૃતિલક્ષી ચર્ચામાં ચંદ્રકાન્ત ટોપીવાળાએ મોટાભાગે વસ્તુલક્ષી અને કેટલીકવાર આત્મલક્ષી અવલોકનો રજૂ કર્યા છે. નરસિંહ મહેતા, કાન્ત, ઉમાશંકર જોશી, પ્રહલાદ પારેખ, રાજેન્દ્ર શાહ વગેરે કવિઓના કાવ્યોના વસ્તુલક્ષી ધોરણે મૂલ્યાંકનો આપ્યા છે. કેટલાંક મૂલ્યાંકનો આસ્વાદનોમાં વિવચેકની આત્મલક્ષી અનુભૂતિના અંશો ભળતાં તે પ્રભાવવાદી અને રંગદર્શી બન્યાં છે.
- ચન્દ્રકાન્ત ટોપીવાળાએ વિવેચનસંગ્રહો અને વિવેચનલેખોનું વિવેચન અલ્પ પ્રમાણમાં કર્યું છે. મહત્ત્વના વિસ્તૃત લેખોમાં સામગ્રીના અર્થઘટન, વિશ્લેષણ, વિવેરણ અને વર્ણન દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરી છે. ઉપરાંત એમણે લેખકના વિવેચન પ તિ, વિવેચન ભાષા, સામગ્રીનું વિશ્લેષણ અને શૈલી જેવા મુદ્દાઓ વિષયક ચર્ચા કરેલ છે.

- ટૂંકીવાર્તાના વિવેચનમાં ચન્દ્રકાન્ત ટોપીવાળાએ અભિવ્યક્તિની વિશિષ્ટતા, કલાસભાનતા અને વિષયસામગ્રીની વિશિષ્ટતાને લક્ષમાં લીધી છે. ઉપરાંત વાર્તાના ભાષા, વર્ણન, સંવાદ, પાત્રો, પરિવેશ, સમયસંકલના અને ઘટનાનિરૂપણના ઘટકોને કેન્દ્રમાં રાખી એ કૃતિની સંરચનામાં કઇ રીતે ઉપકારક બને છે તે દર્શાવી આપ્યું છે. સાથે સાથે વાર્તામાં નિરૂપિત વાસ્તવ, સમાજ, સંસ્કૃતિ, બોલી, રાજકીય સ્થિતિ જેવી સામગ્રીને પણ ધ્યાનમાં લીધેલ છે. ઉપરાંત જે તે કૃતિ વિશે અન્ય વિવેચકોએ કરેલી વિવેચનાત્મક નોંધ અને સર્જકની કેફિયતોનો પણ સમાવેશ કર્યો છે.
- ચન્દ્રકાન્ત ટોપીવાળાએ નવલકથાઓનું વિવેચન સર્જકલક્ષી, સંરચનાવાદી, શૈલીગત પ્રભાવ અને આંતરકૃતિવાદ જેવા અભિગમનો વિનિયોગ કરીને કૃતિઓને એના ઘટકો, ભાષા, કલ્પનો, સર્જકચેતના, નિરૂપણરીતિ જેવાં વિવિધ પાસાંઓના સંદર્ભે ચર્ચા કરી છે.

## ૮.૩ સુમન શાહનું કૃતિ વિવેચનઃ

ગુજરાતી સાહિત્યમાં વિવેચનક્ષેત્રે 'સુરેશ જોષીથી સુરેશ જોષી' જેવાં શોધનિબંધો દ્વારા ઊહાપોહ અને નવી આબોહવા સર્જનાર સુમન શાહે ગુજરાતી સાહિત્યમાં વિવેચનક્ષેત્રે અને ખાસ તો 'કૃતિવિવેચન' નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

- 'સરસ્વતીચંદ્ર'ને એક મોંઘી કલાપરક નિષ્ફળતા ગણાવનાર આ વિવેચક કૃતિને આગવી સ્વકીય વિચારણાથી તાર્કિક રીતે તપાસે છે.
- 'ચંદ્રકાન્ત બક્ષીથી ફેરો' નામના વિવેચન ગ્રં [illegible] ત્યક્ષ વિવેચનમાં 'ઘટનાતત્ત્વ' કેન્દ્રમાં રહ્યું છે. નવલકથાઓમાં મુખરિત્ત થતું ઘટનાતત્ત્વ દ્વારા પામતું ઘટનાતત્ત્વ, વિષયવસ્તુમાં એકાકાર થતું ઘટનાતત્ત્વ વગેરે વિષયક તાત્ત્વિક ચર્ચાને પ્રત્યક્ષ વિવેચનમાં લાગુ કરવાનો પ્રસંશનીય પ્રયાસ એમણે કર્યો છે.

- ગુજરાતી ટૂંકીવાર્તાના વિવેચનમાં વાર્તાવિકાસ, વાર્તામાં કથનકેન્દ્રમાં, વિષયવસ્તુનું કલાકૃતિમાં થતું રૂપાંતરણ, ફિકશનલ ટ્રુથ, પ્રયોગશીલતા, ઘટનાતત્ત્વનો લોપ, કથાતત્ત્વને પામવાની લેખકની મથામણ જેવાં મુદ્દાઓને ધ્યાનમાં રાખીને વિવેચનને સમૃ  બનાવ્યું છે.
- કાવ્યોના વિવેચનમાં સુમન શાહે કવિની સરલ, દુર્બોધ, રચનાદૃષ્ટિએ સબળ-નિર્બળ કાવ્યત્વની વિવિધ કાવ્યોના સંદર્ભમાં કરેલ ચર્ચા તેમની કાવ્યકલા વિશેની પરખને દર્શાવી આપે છે.
- વિદેશી કાવ્યોના વિવેચનમાં વિદેશી કવિ, એનો પરિવેશ, અનુવાદકની ભૂમિકા, ભાવકચિત્તની સજ્જતા જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કાવ્યના સંવેદનવિશ્વને કલાત્મકતાના સંદર્ભે ભાવક સમક્ષ ઊઘાડી આપે છે.
- વિદેશી નવલકથા 'ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી', 'N.P.', 'કેસલ' વગેરેમાં પ્રગટતી વ્યંજના, માનવીય અભિગમ, પ્રારબ્ધ, સંપ્રજ્ઞતા, સંઘર્ષ, સંવેદનશીલ ભાવજગત, પ્રાપ્તિ-અપ્રાપ્તિની માનસિક ગુંચવણો વગેરેને દર્શાવી આપી જુદી જ આબોહવાનો અનુભવ ભાવકને કરાવી આપ્યો છે.

## ૮.૪ રાધેશ્યામ શર્માનું કૃતિવિવેચનઃ

મોટાભાગે કવિ કે નવલકથાકારની ઓળખ ધરાવતા રાધેશ્યામ શર્મા સફળ વિવેચક પણ છે. સમકાલીન સર્જકો વિવેચકો પ્ર કાશિત થતી કૃતિઓ વિશે તેઓ સતત લખતા રહે છે.

- રાધેશ્યામ શર્મા સિ  ાંતપીઠિકાને ધ્યાનમાં રાખીને વિવેચન કરતા નથી પણ સર્જન-ચર્ચા કરતાં કરતાં પાછળ રહેલી વિભાવના પ્રગટ થાય તો સહજતાથી થવા દે છે.

- થોડી પ્રાસ્તાવિક વાત, ત્યાર બાદ વિશ્લેષણ, વિવરણ અને અંતે નિવાર્હણ એવી સામાન્ય પદ્ધતિએ લેખો લખાવાની પરિપાટી એમણે જાણ્યે-અજાણ્યે નિશ્ચિત કરી લીધી હોય એવું એમના વિવેચનલેખોનાં બહોળા અભ્યાસ પછી જણાય આવે છે.
- તેઓ કર્તાવિષયક, કૃતિવિષયક અને કૃતિની સાહિત્યપ્રકાર અંતર્ગત ચર્ચા કૃતિના નર્મ-મર્મ સુધી કરતા હોવાથી પહોંચવાને બદલે કૃતિલક્ષી મૂળવિચારણા અદ્ધરતાલ રહી જાય છે.
- તેઓ લેખકો તેમજ કવિઓના ગુણદર્શક પાસાઓને બિરદાવે છે ખરાં, પણ એમના લેખો મોટાભાગે પરિચયાત્મક અવલોકનોની કક્ષાએ રહી જવા પામે છે.

## ૮.૫ વિજયશાસ્ત્રીનું કૃતિવિવેચનઃ

ડૉ.જયંતિ પાઠકના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી મેળવનાર વિજય શાસ્ત્રી વિવેચનક્ષેત્રનું આશાસ્પદ નામ છે. એમણે સૈદ્ધાંતિક વિવેચન અને કૃતિલક્ષી વિવેચન બંને ક્ષેત્રે ધ્યાનપાત્ર ગુણવત્તાસભર પ્રદાન કર્યું છે.

- ગુજરાતી કવિતાનું વિવેચન એમણે રસકીય અભિગમથી કરવા ઉપરાંત રચનાઓને લયરચના, કાકૂ, પ્રતીકયોજના, ભાવકેન્દ્રો વગેરે બાબતોને અનુલક્ષીને કર્યું છે.
- પ્રાયઃવિવેચકોએ આધુનિક ગુજરાતી નવલકથા વિષયસામગ્રીમાં આપેલા પરિવર્તનની દૃષ્ટિએ તપાસી છે. પરંતુ અહીં વાસ્તવ વિશેની બદલાયેલી વિભાવના અને પરિણામ સ્વરૂપ આધુનિક નવલકથાની ટેક્નિક અને નિરૂપણરીતિમાં જે પરિવર્તનો આવ્યા છે તેને 'છિન્નપત્ર' અને 'મરણોત્તર' (સુરેશ જોશી), 'ચહેરા' (મધુરાય), નિશાચક્ર (કિશોર જાદવ), 'પેરાલિસિસ' (ચંદ્રકાન્ત બક્ષી) જેવી નવલકથા સંદર્ભે તપાસ્યા છે.

- વિજયશાસ્ત્રી મોટાભાગે માત્ર વિવરણ કે વિશ્લે[illegible]
  કલાત્મક અંશો પ્રતિ નિર્દેશ કરીને અનેક સ્તરીય, વાસ્તવિકતા, આગવું જીવનદર્શન અને વસ્તુસામગ્રીને વસ્તુસ્થ કરનારા રચનાપ્રપંચની આગવી સૂઝ અને દૃષ્ટિકોણથી મૂલવે છે.
- વિદેશી કાવ્યકૃતિઓના વિવેચનમાં કાવ્યના 'મુખ્ય સૂર'ને પકડવાનો એમનો પ્રયાસ રહ્યો છે[illegible] ાદેશિક કાવ્યોના વિવેચનમાં કવિવિષયક, અનુવાદશૈલી વિષયક તેમજ વિષયવસ્તુ વિષયક ચર્ચાનું પ્રાધાન્ય રહેલું છે.
- ટૂંકીવાર્તાના વિવેચનમાં અર્થઘટન વર્ણન અને મૂલ્યાંકન તેમજ ટૂંકીવાર્તાના જીવનદર્શન, મનોવિશ્લેષણ અને કલાકીય હેતુઓ ધ્યાનમાં રાખીને રચનાતંત્રની દૃષ્ટિએ વાર્તાઓનું વિવેચન કરેલ છે.

ગુજરાતી સાહિત્યના અગ્રીમ હરોળના પાંચેય વિવેચકોના કૃતિલક્ષી વિવેચનકાર્યનો સમીક્ષાત્મક અભ્યાસ કરીને અસંખ્ય કૃતિઓના આંતરિક પોતને જુદાં જ મિજાજથી જોવાના વિવેચકના દૃષ્ટિકોણની અને અભિગમલક્ષી વિવેચન દ્વારા કૃતિને સમજવા સાંપડતા નવા આયામો વિષયક ચર્ચા સંશોધનલક્ષી અભિગમથી અત્રે કરેલ છે. શોધનિબંધમાં નિર્ધારિત વિવેચકોના કૃતિલક્ષી વિવેચનને સ્વરૂપ, કાળ, સ્થળના સંદર્ભમાં વિભાગીકરણ કરી સમગ્ર કૃતિલક્ષી વિવેચન અંગેનો એક આલેખ પ્રાપ્ત થાય છે. સંશોધનકાર્ય નિમિતે કરેલ આ અભ્યાસ ભવિષ્યમાં સંશોધકો માટે માર્ગદર્શનરૂપ બનશે એવી આશા રાખું છું.

## **અસ્તુ**